# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કોયલ ટહુકીને ઉડી ગઇ વનમાં
ટહુકો હજી કણસ્યા કરે છે મનમાં..

★

જઈ ચડું કદી ખાલીપાની પેલે પાર
મશગુલ સૌ પોતપોતાના તાનમાં..

★

કદી હાંફતી થાકતી કદી પુરજોશમાં
તને કેમ ગોઠવું જિંદગી અનુક્રમમાં.

★

ખોલી દીધા સૌ એ પાના પોતાના
હવે હું ખેલું કેમ બાજી મારી બંધમાં

- પ્રતીક શાહ

## પાથેય

# બંધ બાજીના ખેલ

- રમેશ ઠક્કર

કોયલ અને વનનું પ્રતીક વારંવાર આપણી કવિતાઓમાં ડોકાય છે.કોયલ એટલે જીવનનો આનંદ ઉલ્લાસ.વન એટલે જીવન.હર્ષ અને શોક જીવનમાં અનિવાર્ય ઘટનાઓ છે.કોયલ જ્યારે ટહુકાર કરે છે,મસ્તીથી વનમાં ઉડી જાય છે એ ઘટના પછી યાદ છોડી જાય છે.આવું જ આપણા સુખનું હોય છે.સુખ સુંદર અનુભૂતિ કરાવી જતું રહે છે ત્યારે એની યાદ આપણી ભીતર રહી જાય છે. એવા સમયે સુખ એ જ શૂળ બની જાય છે.એની યાદમાં માણસ ઝૂરે છે.એક સરખા દિવસો સુખના કોઈના જતા નથી. જીવન એટલે જ ચઢાવઉતાર.વનમાં સરકી ગયેલી કોયલના ટહુકા એક યાદ બની જાય છે.એ પછી માણસના મનમાં જે ભાવ રચે છે એ કણસવાનો હોય છે.વીતી ગયેલી સુખની ક્ષણો આપણને અંદરથી સતામણી કરતી રહે છે..!

દરેક વ્યક્તિ પોતપોતાની દુનિયામાં મસ્ત છે.જગતનો આ દસ્તુર છે.તમે કેટલા સારા છો, તમારી શું મહાનતા છે, તમે કેટલા સંસ્કારી છો,એની સાથે દુનિયાને કોઈ મતલબ નથી.અહીં બધું એકમેકની ઉપયોગીતા અને જરૂરિયાત ઉપર ચાલે છે. એના કારણે માણસ એકલો પડતો જાય છે.જેની ઉપયોગીતા નથી એ માણસ સહજપણે ક્યાંય ભળી શકતો નથી.પોતાની આસપાસ રચાયેલું ખાલીપાનું એક વર્તુળ એને કોરી ખાય છે. ક્યારેક એ કોચલામાંથી બહાર નીકળી એ જુએ છે તો જગતમાં સૌ પોતપોતાના કામમાં એટલે કે પોતાના વર્તુળમાં ગુલતાન બનીને આનંદ કરતા હોય છે. ખાલીપો જેને વળગેલો છે એવો માણસ ખાલીપાની પેલે પાર જઈને પણ કશું પામી શકતો નથી..!

આરોહ અને અવરો. એનું નામ જ જીવન..એ ક્યારેક પુરજોશમાં ચાલે છે. ક્યારેક એની ગતિ ધીમી પડે છે.કદીક એ થાકી જાય છે,તો ક્યારેક એને અવનવી દિશાઓ મળી જાય છે.માણસની સામે જીવનની ગતિ સાથે તાલ મિલાવવાનું કામ મહત્વનું છે.ક્યારેક પોતે ઠપ્પ થઈ જાય તો પણ જીવનની ગતિ સતત ચાલતી રહે છે. પોતાની વિવિધ પ્રવૃત્તિઓને કયા ક્રમમાં ગોઠવવી એની વિમાસણ હોય છે. એ જિંદગીને જ પ્રશ્ન કરે છે કે તને કેમ ગોઠવુ અનુક્રમમાં ?

એક માણસ બીજા માણસ સાથે હંમેશા એક અંતર રાખીને જીવતો રહે છે. પડદો એ આપણા સૌની મજબૂરી બની જાય છે.માણસ સહજ રીતે ખુલતો નથી. એને કશુંક ગોપિત રાખવું હોય છે.ઘણીવાર છલકાઈ જનાર માણસ વ્યવહારૂ ગણાતો નથી.જે માણસ ઠાવકાઈ રાખે તે હોશિયાર ગણાય છે.સૌ જ્યારે પોતપોતાની બાજી ખોલી નાખે કે પોતાના વિશેની તમામ હકીકતોનું બયાન કરી નાખે ત્યારે ગોપીત રહેવાની આદત એના માટે વિમાસણ બની જાય છે. એને થાય છે કે હું મારી બાજી કઈ રીતે બંધમાં રમી શકું? આ મૂંઝવણ પરસ્પર હોય છે. અને એ બંને તરફથી સતામણી કરતી રહે છે.

# જેની આંગળી પર શાહીનું ટપકું નથી, તેણે કોઈ પર આંગળી ચીંધવાનો હક નથી

**હમને સુના થા એક હૈ ભારત સબ મૂલ્યોં સે નેક હૈ ભારત લેકિન જબ નજદીક સે દેખા સોચ સમજ કર ઠીક સે દેખા**

**હમને નકશે ઔર હી પાએ બદલે હુએ સબ તૌર હી પાએ એક સે એક હી બાત જુદા હૈ, ધર્મ જુદા હૈ જાત જુદા હૈ**

**આપ ને જો કુછ હમ કો પઢાયા, વહ તો કહીં ભી નજર ન આયા**

**જો કુછ મેંને તુમ કો પઢાયા, ઉસમે કુછ ભી જૂઠ નહીં ભાષા સે ભાષા ન મિલે તો ઈસકા મતલબ ફૂટ નહીં**

**ન ઈક ડાલી પર રહ કર જબ ફૂલ જુદા હૈ પાત જુદા બુરા નહીં ગર યૂં હી વતન મેં ધર્મ જુદા હો જાત જુદા**

**સદિયોં તક ઈસ દેશ મેં બચ્ચો રહી હુકૂમત ગેરોં કી અભી તલક હમ સબકે મુંહ પર ધુલ હૈ ઉનકે પેરો કી,**

**લડવાઓ ઔર રાજ કરો, યહ ઉન લોગો કી હિકમત થી ઉન લોગો કી ચલ મેં આના હમ લોકોં કી જિલ્લત થી,**

**યહ જો બૈર હૈ ઈક દૂજે સે યહ જો ફૂટ ઔર રંજિશ હૈ ઉન્હી વિદેશી આકાઓં કી સોચી સમજી બખ્શિશ હૈ**

**જન્મ સે કોઈ નીચ નહીં હૈ, જન્મ સે કોઈ મહાન નહીં કરમ સે બઢકર કિસી મનુષ્ય કી કોઈ ભી પહચાન નહીં**

**અબ તો દેશ મેં આઝાદી હૈ અબ ક્યોં જનતા ફરિયાદી હૈ, કબ જાએગા દોર પુરાના, કબ આયેગા નયા જમાના ? સદિયોં કી ભૂખ ઔર બેકારી ક્યા ઈક દિન મેં જાયેગી, ઈસ ઉજડ઼े ગુલશન પર રંગત આતે આતે આયેગી,**

**યે જો નયે મનસૂબે હૈ યે જો નઈ તામીરે હૈ આને વાલી દૌર કી કુછ ધુંધલી - ધુંધલી તસ્વીરે હૈં,**

**તુમ હી રંગ ભરોગે ઈનમેં તુમ હી ઇન્હેં ચમકાઓગે**

**નવયુગ અપને આપ નહીં આયેગાપ..નવયુગ કો તુમ લાઓગે**

## વિચારયાત્રા



ડો. જય ઓઝા

આ ગીત ફિલ્મ 'દીદી'નું છે. મહંમદ રફી દ્વારા ૧૯૫૯માં ગવાયેલું આ ગીત પડદા પર સુનિલ દત્ત અભિનય દ્વારા ગાય છે, આ ગીત સાંભળીને અત્યારે ૨૦૨૨ના અંતમાં બેઠા હોવા છતાં પણ એટલું જ પ્રસ્તુત લાગ્યું માટે અહીં મૂક્યું છે. સુનિલ દત્ત સ્કૂલમાં શિક્ષક છે, અને વિદ્યાર્થીઓ દ્વારા તેમને આ ગીતની શરુઆતમાં પ્રશ્ન પૂછવામાં આવે છે. આમ પ્રશ્ન અને ઉત્તરની લઢણમાં સાહીરજીના શબ્દોમાં લખાયેલું આ ગીત જાણે અત્યારની પરિસ્થિતિઓ માટે જ લખાયેલું હોય તેમ લાગે છે.

આજે આપણે કેટલા આગળ વધી ગયા છીએ. ટેકનોલોજી અને ડેવલપમેન્ટમાં હરણફાળ ભરી રહ્યા છીએ, તો પણ હજી આજે પણ આપણે ત્યાં આજ જાત-પાત, અમીરી-ગરીબી જેવા તકીયાનૂસી જાળા લાગેલા મુદ્દાઓ ગમે ત્યારે વેતાળની જેમ આપણા ગળે ભરડો લઈ લે છે...

૧૯૫૯થી ૨૦૨૨ અડધો સૈકો વીતી ગયો. અને હજી આજે પણ ઉપરના ગીતમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો જેમના તેમ ઉપસ્થિત છે. આ નામોશી માટે તકવાદી રાજકારણીઓ નહીં પરંતુ આપણે જ જવાબદાર છીએ... ગમે તેવા વિકાસના સોપાન સર કરીએ પણ આપણે હજી સંપૂર્ણતયા 'સ્વયં-પ્રજ્ઞા વપરાશ કર્તા' બન્યા નથી.

શું આપણા બાળકો અને આગામી પેઢી માટે આપણે આવું પછાત અને અબૂધ જાતિવાદી ભારત મૂકતા જવું છે ?

સરેરાશ વ્યક્તિ કાં તો દંભી છે અને અપ્રામાણિકતાને આત્મસાત્ કરી ચૂકી છે, અથવા તો સંપૂર્ણ નિરાશાવાદી અભિગમ દાખવીને અકર્મણ્યતાને વરી ચૂકી છે.

જે દેશમાં ૬૦-૬૫% મતદાનને સારું મતદાન ગણવામાં આવતું હોય, ત્યાં કોઈ દિવસ ઉદ્ધાર શક્ય નથી. અરે ! સરેરાશ ૪૦% ઉદાસીન - બેજવાબદાર અને કહેવાતા સભ્ય લોકો દ્વારા જ મતદાન પ્રત્યે ઉદાસીન વલણ દાખવવામાં આવે છે... અરે ! જે વ્યક્તિની આંગળી પર શાહીનું ટપકું નથી, તેને કોઈ પર આંગળી ચીંધવાનો હક નથી.

આજના જેટ યુગમાં પણ કોઈ આપણને જાતિગત - જાતિ આધારે ભરમાવી શકે તે નાલેશી ભર્યું છે. વૉટ કોને આપવો કોને નહીં તે સ્વસ્થ ચિત્તે કોઈ પણ જાતિગત ચશ્મા પહેર્યા વગર નક્કી કરવું જોઈએ.

આખી દુનિયાના સૌથી મોટા લોકતંત્ર દેશ ભારતની ચૂંટણી પદ્ધતિ અને 'ચૂંટણી પંચ'ની કામગીરીને દુનિયાના બીજા મોટા-મોટા દેશો ખૂબ જ આદર અને આશ્ચર્યની નજરથી જુએ છે. અને આટલા વિશાળ દેશમાં તટસ્થતાપૂર્વક મતદાન કરાવવા બદલ દુનિયા આખી આપણા ચૂંટણીતંત્રની આખી દુનિયા સરાહના કરી રહી છે. 'ન્યૂટન' નામક માસ્ટર પીસ ફિલ્મ ઑસ્કાર માટે આમ ને આમ થોડી સિલેક્ટ થઈ હશે ?

આપણા દેશમાં તો આવું રહેશે. તકલીફો ઘણી બધી છે. આવા બહાના બતાવીને લોકશાહીના આ મહાન અવસરથી અળગા રહીશું તો આગામી પેઢીને મોઢું કઈ રીતે બતાવી શકીશું ? જ્યાં સરમુખ્ત્યારશાહી અને રાજાશાહી છે ત્યાંની હાલત તો જુઓ!!! તે પ્રજાને આવો મોકો મળાતો નથી. આપણને તો સંવિધાને અનેક અધિકારો આપ્યા છે. અભિવ્યક્તિની આઝાદી મળી છે. તો અધિકાર મેળવીને આપણી ફરજો ભૂલી જઈશું.!!!

વિચાર તો કરો આટ-આટલી વ્યવસ્થાઓ નાગરિકોને સરળતાથી મતદાન કેવી રીતે કરાવી શકાય તે માટે ગોઠવાઈ રહી છે. દિવ્યાંગો અને ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકો માટે ઘરે-ઘરે જઈને મતદાન કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હજારો અધિકારીઓ, કર્મચારીઓ પોતાનું તન-મન રેડી દઈને રાત-દિવસ કાર્ય કરતા રહે છે. અને આપણે ચૂંટણીના દિવસે મળતી જાહેર રજાને ફરવામાં વાપરી નાંખીએ છીએ, આગામી પેઢીને ઈતિહાસના પુસ્તકમાં માત્ર એવું નહીં ભણાવી શકાય કે આપણે માત્ર અંગ્રેજોના જ ગુલામ હતા કે જેમણે 'ભાગલા પાડો - રાજ કરો' ની નીતિ અંતર્ગત ગુલામ રાખ્યા.

આગામી પેઢીને ભણાવું પડશે કે આપણે ૧૯૪૭ પછી પણ એવી ઘણી તકીયાનૂસી અને નાલેશીભરી જાતિગત સમીકરણો ચલાવતા તકવાદીઓના પણ ગુલામ હતા. જીહિ હજુ છીએ. રાષ્ટ્રવાદી હોવું અહીં ગુનો છે. પરંતુ જાતિવાદી હોવું અભિમાનમાં ખપાવાય છે. આપણે બાળકોને શીખવવું પડશે કે તમારા માતા-પિતાનો પણ અત્યારે ચાલતી અરાજકતામાં આડકતરો ફાળો છે. મતદાન ન કરવું અને રાષ્ટ્રના શાશ્વત પ્રશ્નો અને ઉદ્દેશ્યોને બાજુ પર રાખી દઈને માત્ર વ્યક્તિગત લાભ અને જાતિગત આધારે મતદાન કરવું બન્ને પાપ કરવા બરાબર છે.

આજનું ટાબરીયું મોટું થઈને કેવી રીતે માનશે કે એક તરફ આપણે મંગળ પર યાન પહોંચાડતા હતા અને બીજી તરફ જાતિના મત-મતાંતર માટે લોકયાન (બસ) ને સળગાવી દેતા હતા. આપણે મત આપવા જવું નથી અને પાછું એવું ઈચ્છીએ છીએ કે, આપણી બધી તકલીફ સરકારો દૂર કરી દે. અથવા તો એમ કહીએ કે આ નેતાને તો ચૂંટાવું જોઈએ જ નહીં. આઠમી તારીખે પાનના ગલ્લે પરિણામ જોતા-જોતા ઉછળી-ઉછળીને ટીપ્પણી કરનાર મહાશય સ્વયં મતદાન કરવા ગયા ન હોય તેવું બને છે.

મતદાન કરવું એ આપણી પ્રથમ ફરજ છે. કોઈપણ પાર્ટીને કે કોઈપણ ઉમેદવારને મત આપો. તમારો મત ગુપ્ત રહેવાનો છે. દર પાંચ વર્ષે આપણી પાસે આ જે મંગળઘડી આવે છે, તેના તરફ દુર્લક્ષ સેવીને પછી પાંચ વર્ષ અવ્યવસ્થાઓને ભાંડ્યા કરવી તે તો યોગ્ય નથી જ નથી. મતદાન કરવા પ્રત્યે સજગ ન રહીને આપણે કયું ઉદાહરણ આપણા બાળકો સમક્ષ પ્રસ્તુત કરવા માંગીએ છીએ ?

આપણા નગરના એક સામાન્ય પણ જાગૃત નાગરિક શ્રી મહેન્દ્રકાકાએ જાહેરાત કરી છે કે, જે ગાંધીનગરનો નાગરિક મતદાન કરશે તેમને તેઓ મફતમાં કાવો પીવરાવશે. વિચાર તો કરો કે, જ્યાં એક તરફ એક તો કહેવાતા બુદ્ધિજીવી વોટીંગ કરવાથી દૂર રહે છે. ત્યારે આ પ્રકારની પહેલ કરીને મતદાન કરવા માટે લોકોને પ્રેરિત કરવા એ જ મોટી વાત છે.

જાતિગત કે ભ્રમિત કરતી સંકુચિત માનસિકતા તરફ ન દોરાઈને માત્ર 'સ્વયં પ્રજ્ઞા' વપરાશ કર્તા બનીને દીર્ઘકાળનું વિચારીને મત આપીએ અને અપાવીએ. આ આપણી ફરજ છે.

-jayuoza@gmail.com,
Mo. ૯૮૯૮૦૪૬૪૮૮

# એક નિષ્ફળતાને હાર સમજી લેનારા બેવકૂફ છે

## વાત જુદી જુદી ૩૪ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નિષ્ફળતા બાદ ૩૫મા પ્રયત્ને સફળ થયેલા સંદીપની

સદીના મહાનાયક અમિતાભ બચ્ચન એક ઊંચા દર્જાના કલાકાર ઉપરાંત એક અભિનવ વિચારક અને ચિંતક હોવાની વાતને આજે દેશ આખો માની રહ્યો છે. ૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીની શરૂઆત જ્યારે આ સુપરસ્ટારની ફિલ્મો ૧૯૯૦ના દશકમાં ઉપરા છાપરી ફ્લોપ થવા લાગી અને એ બેંકરપ્સીની કગાર ઉપર આવી ગયા ત્યારે ફિનોનેક્સ પક્ષીની માફક ૧૯૭૦ના દશકના આ વર્સેટાઈલ કલાકાર સ્ટાર પ્લસના 'કોન બનેગા કરોડપતિ' કાર્યક્રમ દ્વારા ફરી પાછા હિન્દુસ્તાનના ઘર ઘરમાં સ્થાન મેળવી લોકોના હૃદયમાં રાજ કરવા લાગ્યો.

તાજેતરમાં ગયા સપ્તાહમાં 'કોન બનેગા કરોડપતિ'માં હોટ સીટ ઉપર આગ્રાની એક યુવતીને જોઈ. જ્યારે હોસ્ટ અમિતાભે એને પૂછ્યું કે, 'એની ભવિષ્યની શું વિચારધારા છે.' ત્યારે આ યુવતીએ આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો કે, 'હું યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરું છું. થોડા સમય પહેલાં લેવાયેલી આ પરીક્ષામાં હું નાપાસ થઈ છું, પરંતુ આગામી પરીક્ષાની તૈયારીમાં હું લાગી ગઈ છું. આજે નહીં તો કાલે યુપીએસસી ક્લિયર કરીને આઈએએસ ઓફિસર જરૂર બનીશ.'

સફળ થવા માટે મહેનત સાથેના ગજબના આત્મવિશ્વાસની આ યુવતીની પરિભાષા મઝાની લાગી. વાત સદીના મહા નાયક અમિતાભ કે કોન બનેગા કરોડપતિની નથી, વાત તો નિષ્ફળતામાં કોઢુ વકાસીને બેસવાની જગાએ માર્ગ કાઢી સફળ થનારા વીરલાઓની કરવી છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ એમના જીવનમાં કોઈને કોઈ ભુલ કરે જ છે અને આ ભુલને કારણે કોઈ ક્ષેત્રમાં નિષ્ફળ પણ થઈ જતા હોય છે. મોટીવેશનલ ગુરુઓ એમની સેશન દરમિયાન હંમેશા એક વાત કોઈને કોઈ સ્વરૂપ બદલીને કહેતા હોય છે કે, નિષ્ફળતા સફળતા માટેનો પ્રવેશદ્વાર છે.

નિષ્ફળતા અને ભુલોને યાદ રાખીને બેસી જવા કરતાં તેને ઉમદા શિક્ષક બનાવવામાં આવે એ જરૂરી છે. આગ્રાની આ યુવતી જેવી જ કહાની રાજસ્થાનના એક નાના અમથા ગામ નરનોદના સંદીપની છે. સંદીપના પિતા રમેશ બુદાનિયા ઈન્ડિયન આર્મીમાં સુબેદાર હતા. એની માતા સુનિતા દેવી હાઉસ વાઈફ છે. યુવાનીના ઉંબરે પગ મૂકતાની સાથે તેણે ભારતીય સૈન્યમાં જોડાવા માટે નેશનલ ડિફેન્સ એકેડેમીની પરીક્ષા આપવાની શરૂઆત કરી. પરંતુ એમાં



એનો ગજ ન વાગ્યો. એણે પછી શ્રીધર યુનિવર્સિટીમાંથી ઈજનેરીનો અભ્યાસ કર્યો.

સંદીપે એક પછી એક જુદી જુદી ૩૪ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી. આ બધી પરીક્ષાઓમાં એ નાપાસ થતો. જ્યારે જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ આવે અને નિષ્ફળતાના સમાચાર મળ ત્યારે એ તુટી પડતો. પરંતુ ફરી પાછો મનોમન સજ્જ થઈને મહેનત કરવા લાગી પડતો. ૧૦ વર્ષ લાગલગાટ એણે જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી. દરમિયાનમાં જેમ દરેક વ્યક્તિ સાથે વત્તે ઓછે અંશે બનતું હોય છે એવું એની સાથે પણ બનવા લાગ્યું. સગા, સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ વગેરે એની નિષ્ફળતાઓમાં એને હિંમત આપવાના બદલે ખરી-ખોટી વાત સંભળાવવા લાગ્યા હતા.

સંદીપ લોકોની નકારાત્મકતાથી બિલકુલ ડગ્યો નહી. એણે એના પ્રયત્નો ચાલુ રાખ્યા. અંતે વર્ષ ૨૦૧૭માં એ ઈક્મટેક્સ ઓફિસર માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં સંદીપ સફળ થયો. આજે સંદીપ દિલ્હીમાં ઈક્મટેક્ષ વિભાગમાં અધિકારી તરીકે શાનથી ફરજ બજાવે છે. રાજસ્થાનના ઝુનઝુન જિલ્લાના નાનકડા ગામ નરનોદના જે લોકો સંદીપની નિષ્ફળતાને વારંવાર કોસતા હતા એ જ લોકો આજે સંદીપને ગામનું ગૌરવ માની ફુલાઈને ફરે છે. મુળ વાત તો એ છે કે, નિષ્ફળતા માટેની ભુલો અને માનસિક ઘર કરી જતી ગ્રંથિઓ સફળ થવા દેતી નથી.

## આત્મનાદ



પુલક ત્રિવેદી
pulak63@gmail.com

૩૪ વખત નિષ્ફળત ગયેલા સંદીપને ખબર ન હતી કે, એનો ૩૫મો પ્રયત્ન સફળતાના નવા દ્વાર ખોલવાનો છે. આગળ વધવા માટે આ સ્પિરિટ સૌથી મોટો ભાગ ભજવે છે. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે, દેખીતી રીતે સફળ લાગતા વ્યક્તિના બેકડ્રોબમાં જે ઈચ્છા હતી એ ક્ષેત્રમાં આગળ ન આવવાની વાત નિષ્ફળતાનો પડછાયો બની સતત તેનો પીછો ન છોડતો હોય. યાદ છે ને, થ્રી ઈડીયટ ફિલ્મના રણછોડદાસ ચાચડની કહાની ! એક મલ્ટીનેશનલ કંપનીના ઉચ્ચ હોદ્દા ઉપર કામ કરતા પલાશની વાત યાદ આવે છે. વર્ષ ૨૦૨૨માં 'બેસ્ટ પરફોર્મર ઓફ ધ યર'નો એવોર્ડ આપવા એનાઉન્સરે જ્યારે પલાશના નામની ઘોષણા કરી ત્યારે આખું ઓડિટોરીયમ તાળીના ગડગડાટથી ગુંજી રહ્યું હતું. પલાશ આછા સ્મીત સાથે સ્ટેજ ઉપર એવોર્ડ લેવા જતો હતો ત્યારે એના સ્મીત પાછળ આ સફળતા કરતા નિષ્ફળતાનો બોજ વધુ સ્પષ્ટ દેખાતો હતો.

પલાશને બાળપણથી ચિત્રકલા પ્રત્યે ભારે લગાવ. હાયર સેકન્ડરીમાં એ હતો ત્યારે એના 'પગરવ' ચિત્રને એના જિલ્લાની તમામ શાળાઓમાં 'બેસ્ટ પેઈન્ટીંગ' જાહેર કરાયું હતું. એના કોલેજકાળમાં એણે બનાવેલું 'નર્તકી' નામનું ચિત્ર શહેરની પ્રતિષ્ઠિત પાંચ તારક હોટલના પ્રવેશ દ્વારની શોભા બન્યું હતું. પલાશ અભ્યાસમાં હોંશિયાર તો હતો જ અને માતા-પિતાની લાગણીના કારણે એણે કેટની પરીક્ષામાં સારો સ્કોર મેળવતાં એને આઈઆઈએમમાંથી મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો. કેમ્પસ પ્લેસમેન્ટમાં એને પ્રતિષ્ઠિત મલ્ટીનેશન કંપનીએ ઉંચા પેકેજ સાથે નોકરીમાં રાખી લીધો. એની હોંશીયારીથી આ મલ્ટીનેશનલ કંપનીએ સારી એવી પ્રગતી કરી.

નોકરીમાં તો એની પ્રગતિ જરૂર થઈ પણ એની કલાકાર તરીકેને કારકિર્દી ન બની શકી એનો રંજ એને દિવસ રાત કઠતો રહેતો. આ સફળતા કહેવાય કે નિષ્ફળતા ? સફળતા અને નિષ્ફળતા વચ્ચે એક અત્યંત પાતળી ભેદરેખા હંમેશા હોય છે. જગતભરની આંખોમાં સફળ હોય એવા લોકોને પણ અંદરખાનેથી કોઈ વાતે નિષ્ફળતાનો રંજ હોય એવું પણ બને. કોઈની સફળતા જોઈને એના જેવી પ્રગતિ અને સ્ટારડમ મેળવવાની ખેવનાની મોટાભાગના લોકોની માનસિકતા હોય છે. જગતમાં સફળતાનો સો ટકા આનંદ કોઈની પાસે નથી. ખરેખર તો સફળતા માટેની સજ્જતા અને સફળતા માટેના પરિશ્રમ યાત્રાની મજા છે. આ મજા જે માણી શકે એ જ સાચા અર્થમાં સફળ છે.

**ધબકાર :**

**સફળતા અને નિષ્ફળતા મનઃસ્થિતિ માત્ર છે, અસફળતાને હાર માનનાર બેવકૂફ છે.**

# 'અરે કેટલાક ડાયલોગ તો આંખમાં પાણી લાવી દે એવા છે'

'અદ્ભૂત સંવાદો લખાયા છે.'

'અરે કેટલાક ડાયલોગ તો આંખમાં પાણી લાવી દે એવા છે.'

'ડાયલોગ સાંભળીને, ફિલ્મ જોઈને તુરંત મિત્રને ફોન કર્યો.....'

'સંવાદ લેખકે કમાલ કરી છે....'

આવા સંવાદો આપણે ઘણીવાર સાંભળ્યા છે, આપણે ખુદ પણ બોલ્યા હશું. આ સંવાદો, આ વાક્યો આપણે જેના માટે બોલ્યા કે સાંભળ્યા એ સંવાદ એટલે શું ?

'વાદ' શબ્દમાં સમ ઉપસર્ગ લગાવવાઓથી 'સંવાદ' શબ્દ બને છે, જેનો શાબ્દિક અર્થ છે વાતચીત. સંવાદ લેખન એક કલા છે, જે બધા લેખકોને સહજ નથી. સંવાદ લેખન કાલ્પનિક પણ હોય અને વાસ્તવિક પણ હોય. સંવાદો સાંભળનારની એ અનુભૂતિ રહી હોય છોં કે સંવાદો લોકભોગ્ય બને એ માટે પણ એની કેટલીય વિશેષતાઓ હોય છે. ઉદાહરણ તરીકે આપણે જ વિચારીએ કે જે તે ફિલ્મના સંવાદો મને કમ ગમ્યા ? કેમ એ દર્શક સુધી સીધા પહોંચ્યા ? તો એના જવાબ રુપે જે વાત આવે છે એમાં જ ઉત્તમ સંવાદ લેખનના ગુણધર્મો સમાવિષ્ટ થઈ જાય છે.

સંવાદ લોકપ્રિય થાય- દર્શકોને ગમે - યાદ રહી જાય એવું ત્યારે જ બને છે જયારે સંવાદ સહજ હોય, ફલોમા આવતા હોય, અર્થપૂર્ણ હોય, સ્પષ્ટ વિચારને વેગ આપતા હોય, પાત્રને નિરુપિત કરતા હોય, એની ભાષા કલિષ્ટ ના હોય, ખુલીને બોલતા હોય, વાર્તાના પ્રવાહમાં યોગ્ય જગ્યાએ યોગ્ય પાત્ર દ્વારા બોલાતા હોય.... આવી અનેક બાબતો છે જે સંવાદને યાદગાર બનાવે છે.

તમે યાદ કરો આવી કેટલીક ફિલ્મો અને આવા કેટલાક સંવાદો.... લગભગ દરેક ફિલ્મમાં કયાંક ને કયાંક ઉત્તમ સંવાદ મળે... ફિલ્મ શોલેમાં ગબ્બરસિંહ બોલે છે. 'જો ડર ગયા, સમજો મર ગયા.... તો દિવારમાં અમિતાભ બચ્ચનનો ડાયલોગ 'મેં આજ ભી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા....' ફિલ્મ સૌતનનો પ્રેમ ચોપડાનો ડાયલોગ જિન કે ઘર શીશે કે હોતે હૈ વો બત્તી બુઝા કે કપડે બદલતે હૈ, રાઉડી રાઠોડનો અક્ષયકુમારનો ડાયલોગ 'મેં જો બોલતા હું વો મેં કરતાં હું, ઔર મેં જો નહીં બોલતા, વો મેં ડેફીનેટલી કરતા હું,' થ્રી ઈડિયડસનો આમીર ખાનનો ડાયલોગ 'બચ્ચા કાબિલ બનો, કાબિત, કાયમાબી તો સાલી જખ માર કે પીછે ભાગેગી...' જેવા અનેક ડાયલોગ શ્રોતાઓની તાળીઓ - સીટીઓ અને ચીચીયારીઓમાં પરિવર્તિત થતા જોયા છે. પરંતુ હમણાં જાયેલી એક ગુજરાતી મુવીના ડાયલોગમાં ભારોભાર માનવીય સંવેદના - પ્રેમ - સમર્પણ ધબકે છે. જેણે પ્રેક્ષકોને બેહદ આકર્ષાયા છે.

## અજવાળું - અજવાળું



તુષાર જોશી

'ઓમ મંગલમ્ સીંગલમ્' ફિલ્મ આરતી અને સંદિપ પટેલું ક્રીએશન છે. તમામ કલાકાર એ શ્રેષ્ઠ અભિનય કર્યો છે, ફિલ્મ નિર્માણના તમામ પાસા મજબૂત છે પમ એમાં અહીં વાત કરવી છે મીતાઈ શુક્લ અને નેહલ બક્ષીએ લખેલી સ્ટોરીને ડાયલોગની.... આ સંવાદોમાં સત્ય છે, તથ્ય છે, મર્મ પણ છે ને લેખક તરીકેનો ધર્મ પણ છે. સાહજિક રીતે જીવનના અનુભવો અને માનવીય સંબંધોની અપેક્ષાઓ તથા ગરિમા સંવાદોમાં અભિવ્યક્ત થયા છે એક સંવાદમાં નિસર્ગ ત્રિવેદી એની પત્નીના કિરદારમાં રહેલી આરતી પટેલ માટે કહે છે કે 'એ તો હું એને જીતા દઉં છું.... એ જ રીતે બાપ-દીકરીના સંબંધો સાથે જોડાયેલા બે-ત્રણ હૃદયસ્પર્શી સંવાદો છે એમાં..... આરોહી પટેલ એના ફિલ્મી પપ્પા દર્શન જરીવાલાને કહે છે કે, 'એક આ તમારા હાથ સિવાય સિદ્ધાર્થના હાથમાં જ સિક્યોરિટી ફીલ થાય છે... એ જ રીતે પિતા-દીકરીને કહે છે કે, 'બેટા, તારું સપનું તો હું સપનામાં પણ તૂટવા નહિ દઉં....''

હવે આ લાગણી દરેક પિતાની પોતાની દીકરી માટે હોય જ ઓછે પરંતુ ફિલ્મના પડદે જયારે એ પાત્ર દ્વારા રજૂ થાય છે ત્યારે દર્શકની લાગણી એમાં ભળે છે. દર્શકને લાગે છે કે આ તો મારા જ મનની વાત છે.

એક અર્થમાં સંવાદ લેખક કે સ્ટોરી રાઈટર ફિલ્મને કોરા કાગળ પર લખીને પહેલો વહેલો જુએ છે જે પછીથી પડદા પર આવે છે. આ સંવાદમાં માનવ મનની તાણાવાણાની ગુંથણી શબ્દોમાં થાય છે.... આવી જ એક ફિલ્મ 'ઓમ મંગલમ્ સીંગલમ્' જોઈને સહજપણે આ રાજીપાથી લખાતું.... સંવાદનો અજવાળા ઝીલાયા....